# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-12-2025 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## PM : લખનૌ : રાષ્ટ્રપ્રેરણાસ્થળ

દેશના પૂર્વ પ્રધાનમંત્રી, ભારતરત્ન અટલબિહારી વાજપેયીના જન્મશતાબ્દી મહોત્સવ પર આજે લખનૌ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાષ્ટ્ર પ્રેરણાસ્થળનું ઉદ્દઘાટન અને લોકાર્પણ કરશે સાથે એક વિશાળ જનસભાને સંબોધન કરશે.

રૂ.230 કરોડના ખર્ચે નિર્માણ પામેલ આ રાષ્ટ્રીય પ્રેરણાસ્થળ 65 એકરમાં વિકસીત છે. આ સ્થળે 65 ફૂટ ઊંચી મહાપુરુષોની કાંસ્યમૂર્તિઓ મૂકાઇ છે તો અહીં 6300 વર્ગમીટરનું સંગ્રહાલય અને 3 હજાર લોકોની ક્ષમતાનું વિશાળ એમ્ફીથીયેટર પણ નિર્માણ કરવામાં આવેલ છે.

**------------------------------------------------------------------------------------------**

## અરવલ્લી પર્વત

100 મીટરથી વધુ ઉંચાઇને જ પર્વત મનાશે તે નિર્ણયના વ્યાપક વિરોધ સંદર્ભે હવે અરવલ્લીની ગિરીમાળાને લઈને કેન્દ્ર સરકારે મોટો નિર્ણય લીધો છે. સરકાર હવે કોઈ નવી માઈનિંગ લીઝ નહીં આપે. પર્યાવરણ મંત્રાલયનું નવું નોટિફિકેશન જાહેર થયુ છે. દિલ્હીથી ગુજરાત સુધી નવી માઈનીંગ લીધ પર રોક લગાવી દેવામાં આવી છે.આ પ્રતિબંધ સંપૂર્ણ અરવલ્લી રેન્જ પર લાગુ પડશે.**ICFRE**ને અરવલ્લી ઝોનનો ઓળખ કરવા નિર્દેશ કરાયો છે.રાજ્ય સરકારોને પર્યાવરણ સુરક્ષાના ઉપાય કરવા નિર્દેશ કરાયો છે.રાજ્યોને સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કરવા નિર્દેશ કરાયો છે.

---

## વાજયેપી જન્મદિન : કચ્છમાં ઉજવણી

આજે ૨૫ ડિસેમ્બરે  પૂર્વ વડાપ્રધાન અને ભાજપના દિગ્ગજ નેતાની અટલ બિહારી વાજપેયીની 100મી જન્મજયંતી અને વીર બાળ દિવસની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાશે. આજે અટલ સ્મૃતિદિવસ એ સુશાસન દિવસ નિમિત્તે સમગ્ર દેશ સાથે કચ્છમાં પણ વિશેષ કાર્યક્રમો દ્વારા તેમને અંજલિ આપવામાં આવી રહી છે. ગઇકો સાંજે ભુજમાં તેમની પ્રતિમા પાસે દીપોત્સવ, તથા પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો. વીર બાળ દિવસ નિમિત્તે કચ્છમાં વિશેષ સ્મૃતિયાત્રા યોજાશે તો આજે માધાપરમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાના હસ્તે અટલ બિહારી વાજપેયીની વિશાળ પ્રતિમા અને અટલ બાગનું લોકાર્પણ કરાશે. અટલ બિહારી વાજપેયીની 100મી જન્મજયંતીના ઉપલક્ષમાં કચ્છ જિલ્લ ભાજપ દ્વારા ભુજ ખાતે રાષ્ટ્રીય કક્ષાના અને સ્થાનિકના કવિઓની ઉપસ્થિતિમાં કવિ સંમેલન, 100 જેટલા ટીબીના દર્દીને કિટ વિતરણ સહિતના કાર્યક્રમ યોજાશે.

---

## SIR કામગીરી – કચ્છ

ચૂંટણીપંચની સૂચના અનુસાર રાજ્યમાં મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ અમલમાં મૂકવામાં આવી છે. ગત તારીખ  24 ઓક્ટોબર 2025 થી શરૂ થયેલ આ ઝુંબેશ અંતર્ગત 19 ડિસેમ્બરે મુસદા મતદારયાદી પ્રસિદ્ધ કરાઇ હતી જે અંતર્ગત કચ્છ જિલ્લાના ૨.14 લાખ મતદારોના નામ કમી કરવામાં આવ્યા છે. હાલ 18 જાન્યુઆરી 2026 સુધી મતદાર યાદીમાં નામ ઉમેરવા, સુધારવા કે બાકાત કરવાની કામગીરી ચાલુ છે.

કચ્છ જિલ્લા ચૂંટણી કચેરીમાંથી મળેલી માહિતી મુજબ હાલ કુલ 4100 નાગરિકો દ્વારા ફોર્મ 6**A** રજૂ કરવાયા છે તો 556 મતદારોએ ફોર્મ 7 ભર્યા છે. ચૂંટણી વિભાગ દ્વારા તમામ નાગરિકોને અપીલ કરાળ છે કે તેઓ પોતાના મતદાર તરીકેના અધિકારને સુનિશ્ચિત કરવા

સમયસરની કાર્યવાહી કરે.

---------------------------------------------------------------------------------------

## નાતાલપર્વ

આજે પ્રેમ, ક્ષમા, શાંતિ અને ભાઇચારાના સંદેશ સાથે ઉજવાતો નાતાલનો તહેવાર સમગ્ર દેશ સાથે કચ્છમાં પણ ઉત્સાહપૂર્વક ઉજવાશે. તહેવારને લઇને કચ્છના વિવિધ ચર્ચને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યા છે તો ઘરોમાં પણ ક્રિસમસ ટ્રીને આકર્ષક રીતે સજાવવામાં આવ્યા છે. ક્રિશ્ચિયન સમુદાય ચર્ચમાં જઇ મધર મેરી સમક્ષ પ્રાર્થના કરશે અને રાત્રે ભગવાન ઇસુના જન્મદિને ઉમંગભેર વધાવશે.

---------------------------------------------------------------------------------------

## કચ્છ સાહિત્ય ઉત્સવ

**ગુજરાત  સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા સતત ત્રીજા વર્ષે 'અસાંજી અસ્મિતા જો ઓચ્છવ' શીર્ષક હેઠળ કચ્છ સાહિત્ય ઉત્સવનું ભુજ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. ભુજિયા ડુંગર સ્થિત સ્મૃતિવન ભૂકંપ સંગ્રહાલય ખાતે આજથી શરૂ થનારો આ ઉત્સવ 29 ડિસેમ્બર સુધી ચાલશે. આ મહોત્સવનું ઉદ્દઘાટન આજે રાત્રે રાજ્યમંત્રી ત્રિકમભાઇ છાંગાના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે સાંસદ વિનોદભાઇ ચાવડા, ધારાસભ્ય કેશુભાઇ પટેલ, પદ્મશ્રી નારાયણ જોશી 'કારાયલ' અને અકાદમીના અધ્યક્ષ ડો. ભાગ્યેશ જ્હા વિશેષ ઉપસ્થિત રહેશે.**

---------------------------------------------------------------------------------------

## હવામાન

કચ્છમાં ઠંડીની ચમકમાં થોડો વધારો જોવા મળ્યો છે. ગઇકાલે  નલિયામાં બે ડિગ્રીના ઘટાડા સાથે લઘુતમ પારો 12 ડિગ્રીએ પહોંચતાં નલિયા રાજ્યનું મોખરાનું ઠંડું મથક બન્યું હતું અને ભુજ, અંજાર અને ગાંધીધામમાં લઘુત્તમ પારો 15 ડિગ્રી આસપાસ રહ્યો હતો. મોડી સાંજથી

લઇ વહેલી સવાર સુધી ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. મહત્તમ તાપમાન 30 ડિગ્રી આસપાસ રહેતાં દિવસ હૂંફાળો રહ્યો હતો. હવામાન વિભાગે આગામી સપ્તાહ દરમિયાન તાપમાનમાં કોઇ મોટો ફેરફાર થાય તેવી શક્યતાને નકારી છે.

-----------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય પરીક્ષા UGC નેટ – જાહેરનામું કચ્છ

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી દ્વારા જિલ્લામાં યુજીસી-નેટની પરીક્ષા તા. 31 ડીસેમ્બર 2025થી તા. 7 જાન્યુઆરી 2026 દરમિયાન યોજાનારી છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રનાં સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે માટે પ્રતિબંધાત્મક હુકમો જારી કરાયા છે. જિલ્લામાં આ પરીક્ષા, પરીક્ષાર્થીઓ અસામાજિક તત્ત્વોના ત્રાસ અને ભય વિના આપી શકે તેમજ પરીક્ષા સ્થળના સંચાલકો અસામાજિક તત્ત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે તેમજ પરીક્ષા સમય દરમિયાન જાહેર વ્યવસ્થા જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુથી આ જાહેરનામું બહાર પડાયું છે.

-----------------------------------------------------------------------------------